ગુજરાત રાજય સ્થાપના સ્વર્ણિમ જયંતિ
ઉજવણી નિમિત્તે ગ્રામ કક્ષાએ પંચાયતોને
ઉત્તેજન આપવા માટે અમલમાં આવેલ
ગ્રામોદય યોજના ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ- પરચ-૧૦૨૦૦૯-૫૩૯૨-ચ,
તા.૧૨-૦૭-૨૦૧૨

<u>વંચાણેલીધાઃ-</u>

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો સરખા ક્રમાંકનો ઠરાવ તા. ૯-૮-૨૦૧૦

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો સરખા ક્રમાંકનો ઠરાવ તા. ૪-૧૧-૨૦૧૧

(૩) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો સરખા ક્રમાંકનો ઠરાવ તા. ૧૧-૧૧-૨૦૧૧

ગુજરાત રાજય સ્થાપના સ્વર્ણિમ જયંતિ વર્ષની ઉજવણી ઉત્સાહભેર થાય તે માટે રાજયની તમામ ગ્રામ પંચાયતોને સીડમની (બીજમૂડી/પ્રારંભિક ઉદ્દીપન સહાય) આપી ગ્રામ પંચાયતોને વિકાસની પ્રક્રિયામાં સ્પર્ધા ધ્વારા ઉત્તેજન આપવાના હેતુથી ઉપર વંચાણે લીધેલ આ વિભાગના તા. ૯-૮-૨૦૧૦ના ઠરાવથી " ગ્રામોદય યોજના " અંતર્ગત શ્રેષ્ઠ ગ્રામ પંચાયત સ્પર્ધા તેમજ પ્રોત્સાહક પુરસ્કાર ફાળવણીના ધોરણો નક્કી કરવામાં આવેલ હતા. સદરહુ યોજના ગુજરાત રાજય સ્થાપના સ્વર્ણિમ જયંતિ ઉજવણી વર્ષ પૂરતી મર્યાદિત હતી. પરંતુ, સદરહુ યોજના અંતર્ગત યોજાયેલ સ્પર્ધાને મળેલ અભૂતપૂર્વ સફળતા તેમજ ઉત્સાહ પ્રેરક પરિણામોને ધ્યાને રાખી આ સ્પર્ધા નિયમિત ધોરણે યોજાય તેમજ તે ધ્વારા ગ્રામ પંચાયતો વિકાસની પ્રવૃત્તિ તેમજ પ્રજાહિત લક્ષી અન્ય વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લઇ ઉત્તરોતર પ્રગતિ કરે તે માટે આ યોજના ચાલુ રાખવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી કાળજીભરી વિચારણા બાદ ઉપર વંચાણે લીધેલ વિભાગના તા. ૯-૮-૨૦૧૦ના ઠરાવ અન્વયે નક્કી થયેલ ગ્રામોદય

યોજનાને ચાલુ રાખવા તેમજ સદરહુ યોજના અંતર્ગત યોજવાની થતી શ્રેષ્ઠ ગ્રામ પંચાયત સ્પર્ધા દર ત્રણ વર્ષે નીચેની વિગતે યોજવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ગ્રામોદય યોજના અંતર્ગત સૌપ્રથમ સ્પર્ધા નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન એટલે કે તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ના સમયગાળા દરમ્યાન યોજવામાં આવેલ હતી. જેને " સ્પર્ધાનું વર્ષ " ગણી ત્યારપછીની સ્પર્ધા દર ત્રણ વર્ષે યોજવાની રહેશે.

(અ) પુરસ્કારની વહેંચણીના વર્ષ દરમ્યાનની ૧૦ એપ્રિલ સુધીમાં દરેક ગ્રામ પંચાયતોએ સ્પર્ધામાં ભાગ લેવા માટે નિયત ફોરમેટમાં અહેવાલ તાલુકા સ્પર્ધા સમિતિને મોકલવાનો રહેશે.

(બ) ૧૫મી એપ્રિલ સુધીમાં તાલુકા સ્પર્ધા સમિતિ ધ્વારા ચકાસણી કરી તાલુકા કક્ષાની સ્પર્ધાના પરિણામની જાહેરાત કરવાની રહેશે તેમજ ૨૦મી એપ્રિલ સુધીમાં પુરસ્કાર વિતરણ કરવાના રહેશે.

(ક) જિલ્લા સ્પર્ધા સમિતિએ જિલ્લા સ્પર્ધાનું પરિણામ ૩૦મી એપ્રિલ સુધીમાં જાહેર કરી અને ૦૫મી મે સુધીમાં પુરસ્કાર વિતરણ કરવાના રહેશે.

(ડ) રાજય સ્પર્ધા સમિતિએ રાજય સ્પર્ધાનું પરિણામ ૧૫મી મે સુધીમાં જાહેર કરી અને ૩૦મી મે સુધીમાં પુરસ્કાર વિતરણ કરવાના રહેશે.

(૨) ગ્રામ પંચાયતોની કામગીરી બાબતે દર છ મહીને સમીક્ષા કરવાની રહેશે. તાલુકા કક્ષા/જિલ્લા કક્ષા/રાજય કક્ષાની સમિતિએ ગ્રામ પંચાયત ધ્વારા દર છ મહીના દરમિયાન કરેલ કામગીરીની વિગતો મેળવી સમીક્ષા કરી વધુ સારી ગ્રામ પંચાયત ધ્વારા વધુ સારી કામાગીરી થાય તે માટે આનુષંગિક સલાહ-સુચનો આપશે.

ગ્રામોદય યોજનાની શરૂઆતના તબક્કે સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહન રૂપે તમામ ગ્રામ પંચાયતોને સીડમની(બીજમુડી/પ્રારંભિક ઉદ્દીપક સહાય) આપવાનું નક્કી કરેલ હતુ. હવે સ્પર્ધાની શરૂઆત થઇ ગયેલ હોઇ હવેથી સીડમનીની રકમ આપવાની રહેશે નહિ.

" ગ્રામોદય યોજના " બાબતે ઉપર જણાવેલ વિગતો સિવાયની અન્ય વિગતો તા. ૯-૮-૨૦૧૦ અને તા. ૧૧-૧૧-૨૦૧૧ના ઠરાવોની શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપનો વિશ્વાસુ,

(સી. એમ. રાઠોડ)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી
- સર્વે માન. મંત્રીશ્રી/રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- સચિવાલયના સર્વે વિભાગો
- અગ્રસચિવશ્રી(પં.)ના અંગત સચિવશ્રી
- સર્વે અધિકારીશ્રીઓ , પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય , ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઇલ.